ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૬.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૨૮ ટકા

**ગાંધીનગર તાપમાન**

### આઈ લવ માય ગાંધીનગર



**સતીષભાઈ રાવલ**
અખબારી કર્મચારી

**ગાંધીનગર ગમે**

સુઆયોજિત શહેર હોવાને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

અહીંના લોકો શિક્ષિત છે, નાગરિકો પૈકી મોટાભાગના નોકરિયાત લોકો છે ને તેઓ શાંત સ્વભાવના માયાળુ લોકો છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે. અનેક સંસ્થાઓ અનેક પ્રકારની પ્રવૃત્તિઓ અહીં કરે છે એ જોઈને આનંદ થાય છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

શિક્ષિત નગર હોવાને કારણે આ શહેરને એજ્યુકેશન હબ તરીકે વિકસાવવું જોઈએ. અહીંથી શિક્ષણનો વ્યાપ રાજ્યનાં શહેરો, ગામો સુધી ને દેશ સુધી થાય તો સોનામાં સુગંધ ભળી શકે તેમ છે.

**નગર માટે હું કરી શકું**

શહેરને સ્વચ્છ, સુંદર અને વધુ સુઆયોજિત બનાવવા માટે એક નાગરિક તરીકે મારાથી બનતી સઘળી સહાયુ પૂરી પાડવા માટે હું તત્પર છું.

## રકતદાન કેમ્પ યોજાશે

સિનિયર સિટિઝન કાઉન્સીલ ગાંધીનગર દ્વારા તા. ૧૨-૨-૨૦૧૭ના રોજ રકતદાન કેમ્પ સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે સવારે ૯ થી ૧૨ કલાક સુધી યોજવામાં આવેલ છે. તો વધુમાં વધુ રકતદાતાઓ રકતદાન કરી કાર્યક્રમ સફળ બનાવે તેમ રસીકભાઈ ગાંધીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# તીરંદાજીમાં સુવર્ણ ચંદ્રક વિજેતા પીનલ અને અર્ચનાનું સન્માન

## તીરંદાજીમાં કાઠું કાઢનાર બહેનો ગાંધીનગરની મહેમાન બની ડુંગરી ગરાસીયા સમાજે રૂ. ૫૧ હજારની સહાય કરી

ગાંધીનગર, તા.૫

ગુજરાતની રાજય સરકાર ખેલ મહાકુંભ યોજીને લાખો-કરોડો રૂપીયાનો ખર્ચ કરે છે. રમશે ગુજરાત અને જીતશે ગુજરાતના સ્લોગન સાથે ખેલાડીઓને વિવિધ રમતો રમવા માટે પ્રોત્સાહન પુરુ પાડવામાં આવે છે. ત્યારે રાજયના અરવલ્લી જિલ્લાના છેવાડાના ગામની અર્ચનાએ ૨ અને પીનલ સુવેરાએ ૪ ગોલ્ડ મેડલ તીરંદાજીમાં મેળવ્યા છે. ત્યારે આ બંન્ને બહેનોને રાજય સરકાર તરફથી યોગ્ય આર્થિક સહાય અને જરુરી કોચીંગ સહિત તીરંદાજીની કીટ મળી રહે તો બંન્ને બહેનો નેશનલ અને ઈન્ટરનેશનલ કક્ષાએ ભારતનું નામ રોશન કરવાની ખેવના ધરાવે છે તેમ ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે આજે ડુંગરી ગરાસીયા સેવા સમાજના કાર્યક્રમમાં આવી હતી તે દરમિયાન ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.

ગુજરાતના અરવલ્લી જિલ્લાના નાનકડા ધ લુથડીયા ગામમાં ગરીબ પરિવારમાં જન્મેલી અર્ચના અને પીનલ સુવેરાના પિતા અજીતભાઈ ખેતીકામ કરીને પોતાના પરિવારનું જીવન નિર્વાહ કરે છે. ત્યારે તેમની બંન્ને દિકરીઓએ અત્યાર સુધીમાં નેશનલકક્ષાએ અર્ચનાએ બે ગોલ્ડ મેડલ મેળવી ચુકી છે ત્યારે તેના પગલે પગલે ચાલતી નાની બહેન પીનલ પણ તેનાથી ડબલ ગોલ્ડ મેડલ મેળવી ચુકી છે. અત્યારે હાલ બંન્ને બહેનો કોચ પ્રશાંત પડવાલાના નૈતૃત્વમાં રોજ પાંચથી વધુ કલાકનું વર્ક આઉટ કરે છે. જયારે આ અંગે તેમના પિતાએ જણાવ્યું હતું કે હું મજુરી કરું છું પરંતુ મારી બંન્ને દિકરીઓ તીરંદાજીમાં દેશનું નામ રોશન કરે તેવું ઈચ્છુ છું. મારાથી જેટલી મહેનત થશે તેટલી મહેનત કરીને તેમને મદદરુપ થતો રહીશ. જયારે અર્ચના અને પીનલે સમાજના સેવાભાવી નાગરીકોનો સાથ અને સહકાર બદલ આભાર વ્યકત કર્યો હતો.



# ડુંગરી ગરાસીયા સેવા સમાજનો વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

## સમાજના તેજસ્વી તારલાઓ, રમત-ગમત ક્ષેત્રના ખેલાડીઓ, નવનિયુકત અને બઢતી પામેલા કર્મચારી-અધિકારીઓનું સન્માન કરાયું





ગાંધીનગર, તા.૫

ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા ૧૩મો વાર્ષિક સ્નેહમિલન સમારોહ આજરોજ ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં સમાજના તેજસ્વી તારલાઓ, રમત-ગમત ક્ષેત્રના નામના મેળવેલ ખેલાડીઓ સહિત નવનિયુકત અને બઢતી પામેલા કર્મચારી-અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

શહેરના ટાઉનહોલ ખાતે આજરોજ ડુંગરી ગરાસીયા સેવા સમાજ દ્વારા આયોજીત ૧૩માં વાર્ષિક સ્નેહમિલન સમારોહ છોટાઉદેપુરના કલેકટર વિજય ખરાડી અને આદિજાતિ વિકાસ નિગમના ચેરમેન રમીલાબેન બારાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જયારે અતિથિ વિશેષ તરીકે પૂર્વ મંત્રી ડો.અનિલ જોષીયારા, ખેડબ્રહ્મા ધારાસભ્ય અશ્વિન કોટવાલ, અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજુભાઈ પારઘી, આઈપીએસ બી.આર. પાંડોર, ડુંગરી ગરાસીયા પંચ સાબરકાંઠા-અરવલ્લીના પ્રમુખ ધુળજીભાઈ ગામેતી, એમ.એન.તાબિયાડ, પ્રવિણ જોષીયારા, અને કે.એસ. નિનામા હાજર રહ્યા હતા. મહેમાનોના હસ્તે દિપ પ્રાગટય કરીને કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો. પ્રાર્થના, સ્વાગતગીત બાદ મહેમાનોનું શાબ્દીક સ્વાગત મંત્રી જી.ડી.ભગોરાએ ક્રયું હતું. ત્યારબાદ મહેમાનોનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્નેહ મિલનમાં હાજર સમાજના ભાઈ-બહેનોને મહેમાનોએ પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું. જયારે મહેમાનોના હસ્તે સમાજના ધોરણ-૧૦ થી ઉચ્ચ અભ્યાસક્રમ પ્રાપ્ત કરેલા ૨૧ વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. જયારે રમત-ગમત ક્ષેત્રે નેશનલકક્ષાએ ગોલ્ડ મેડલ મેળવેલા ૨૦ ખેલાડીઓ સહિત નવી નિમણુંક પામેલા-૧૦ કર્મચારીઓ, બઢતી પામેલા ૧૩ અધિકારીઓ સહિત નિવૃત થયેલા ૧૬ કર્મચારીઓનો શાલ ઓઢાડીને સન્માનિત કરાયા હતા. જયારે સમાજમાં વિવિધ હેતુઓ માટે દાન આપનાર દાતાઓનું તેમજ સમાજના રાજકીય આગેવાનોનું પણ આ પ્રસંગે સન્માનિત કરાયા હતા. સમાજના ભાઈ બહેનો માટે આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગીત સંગીતના જલસાને પગલે મોજ પડી ગઈ હતી. જયારે ડુંગરી ગરાસીયા સેવા સમાજ ગાંધીનગરના પ્રમુખ ડો. કે.એન. બામણીયાએ ઉપસ્થિત મહેમાનો અને કાર્યક્રમમાં હાજર રહેનાર દરેક ભાઈ બહેનનો આભાર વ્યકત કર્યો હતો.કાર્યક્રમને અંતે ભોજન લઈને સૌ છુટા પડ્યા હતા.

# ચિલોડાના આશાસ્પદ યુવાનનો બિમારીથી કંટાળીને આપઘાત

ગાંધીનગર, તા.૫

ચિલોડા ખાતે રહેતો ૨૨ વર્ષીય આશાસ્પદ યુવાન કે જે ચિલોડા-દહેગામ પંથકમાં સ્પોર્ટસમેન તરીકે ઓળખાતો હતો તેણે બિમારીથી કંટાળીને હતાશ થઈ ગળે ફાંસો ખાઈ લેતા સન્નાટો ફેલાઈ જવા પામ્યો છે. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

ચિલોડા ખાતે રહેતો ૨૨ વર્ષીય યુવાન નિકુલસિંહ ભરતસિંહ પરમાર દહેગામ ખાતેની કોલેજમાં ટીવાય બી.એ.માં અભ્યાસ કરતો હતો. ખોખો-કબડ્ડી અને ક્રિકેટમાં માસ્ટર તરીકે ઓળખાતા આ આશાસ્પદ યુવાને અત્યાર સુધીમાં ૨૫થી પણ વધુ શીલ્ડ અને મેડલો રમતગમત ક્ષેત્રે જીત્યા છે. કોચીંગ આપવા વિવિધ શાળા કોલેજોમાં તેને બોલાવવામાં આવતો હતો. છેલ્લા પાંચ-છ વર્ષથી તેને ભગંદરની બમારી હતી. ચારેક વાર ઓપરેશન કરાવવા છતાં તેને બિમારી જતી ન હતી. તાજેતરમાં તેનું સ્પોર્ટસ કવોટામાં પેરા મિલેટરીમાં સિલેકશન થયું હતું. પરંતુ મેડીકલ દરમિયાન ભગંદરને કારણે તેને રીજેકટ કરવામાં આવ્યો હોવાથી વધુ હતાશ થઈ ગયો હતો. તેને બિમારી ન મટી હોવાથી મનોમન સમજી બેઠો હતો કે તેને કેન્સરની બિમારી તો નહીં હોય ને...! હતાશામાં ગરકાવ થઈ ગયેલા નિકુલસિંહે આખરે



ગઈ સાંજે પોતાના ઘરે જ મોભ ઉપર સીડી બાંધીને ગળે ફાંસો ખાઈ લીધો હતો. તાત્કાલીક તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો પરંતુ ત્યાં સુધીમાં તેના પ્રાણ છુટી ગયા હતા. ૫૦૦થી વધુ મિત્રોનું ટોળુ હોસ્પિટલમાં એકત્ર થઈ ગયું હતું. આ યુવાનના આપઘાતથી સમગ્ર પંથકમાં ગમગીની છવાઈ જવા પામી છે. ચિલોડા પોલીસ મથકના ઈન્વેસ્ટીગેશન ઓફીસર સજ્જાદખાને મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ આરંભી છે.

### @ગાંધીનગર

● સંતશ્રી તુલસીદાસજી રચિત શ્રી રામ ચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય કથા-પાઠ શ્રી કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે પ્લોટ નં. ૧૧૩૧/૧, સે-૨-ડી ખાતે રાત્રે ૮.૦૦ વાગે અનિલભાઈ પંડીતના યજમાન પદે યોજાશે.

● બસો બ્યાસી નવ પરગણા ગરો બ્રાહ્મણ સમાજનો પંદરમો સમુહલગ્ન ઉત્સવ સવારે ૮.૩૦ કલાકે સે-૬ના મેદાન ખાતે યોજાશે.

## રાયપુર કેનાલ બહારથી બાઈક અને યુવક-યુવતીના ચંપલ મળ્યા

ગાંધીનગર, તા.૫

ડભોડા નજીક આવેલા રાયપુર ખાતેથી પસાર થતી નર્મદા કેનાલના પુલ પાસેથી એક બાઈક અને યુવક યુવતીના ચંપલ મળતા ચકચાર મચી જવા પામી છે. પ્રેમી યુગલે કેનાલમાં આપઘાત કરી લીધો હોવાની શંકાને પગલે પોલીસ સ્થળ પર આવી ગઈ હતી અને બહિયલના તરવૈયાઓની ટીમ બોલાવી કેનાલના પાણીમાં શોધખોળ હાથ ધરવામાં આવી છે. જો કે મોડી સાંજ સુધી કોઈ મળી આવ્યું ન હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ રાયપુર નર્મદા કેનાલની બહાર આજે સવારના અરસામાં એક બાઈક અને યુવક-યુવતીનાં ચંપલ મળી આવતા પોલીસને બોલાવવામાં આવી હતી. પોલીસે બાઈકના આધારે તપાસ કરતાં અમરાજીના મુવાડા વિસ્તારના યુવાનનું બાઈક હોવાનું જાણવા મળ્યું છે. ત્યાંના એક યુવાન અને યુવતી લાપતા હોવાનું પણ જાણવા મળ્યું છે. જો કે કેનાલમાં કુદતા કોઈએ જોયા નથી પરતુ કેનાલમાં કુદયા હોવાની શંકાને આધારે પોલીસે બહીયલના તરવૈયાઓની ટીમને બોલાવીને કેનાલમાં તપાસ શરુ કરાવડાવી છે. જો કે મોડી સાંજ સુધી કેનાલના પાણીમાંથી કોઈ મળી આવ્યું ન હતું. પોલીસે તપાસ જારી રાખી છે.

# ગુટખા પરનો પ્રતિબંધ ચબાકર ‘થૂંકતા ગુજરાત’

## ગુજરાતમાં પ્રતિ વર્ષ આશરે ૨૫ હજાર કેન્સર દર્દીઓ મોતને ભેટે છે : ગુજરાતમાં નોંધાતા કેન્સરના કેસોમાં સૌથી વધુ તમાકુ ચાવવાને કારણે થતા મોંઢાના કેન્સરના દર્દીઓ : ગ્રામીણ મહિલાઓ અને બાળકોમાં પણ ‘પડીકી’ ચાવવાનો વધતો ક્રેઝ ‘ઘાતક’ સાબિત થશે




ગાંધીનગર, તા.૫

હિન્દી ફિલ્મનું વર્ષો જુનું એક ગીત આજે પણ ખૂબ લોકપ્રિય છે, ‘પાન ખાયે સૈંયા હમારો’. ભારતીય સમાજમાં સદીઓથી પાન ખાવાનો એક સામાજિક સ્વીકૃત શોખ છે. જો કે આ ગીતની જયારે રચના થઈ ત્યારે કદાચ આજના ગુટકા કે મસાલાનું આગમન થયું નહોતું નહીં તો ગીતના શબ્દો કદાચ કંઈક અલગ જ રચાયા હોત. સદીઓથી ભારતમાં મુખવાસ માટે પાન ખાવાની લોકપ્રિય પસંદગીમાં અર્વાચીન સમયમાં પહેલા ‘માવા’ એ એન્ટ્રી મારી અને ત્યાર બાદ ધીમે ધીમે તેનું સ્થાન ગુટખાએ હસ્તગત કર્યું છે. આમ તો આખા દેશમાં મોંના કેન્સરમાં અવ્વલ રાજયોમાં સ્થાન ધરાવતા ગુજરાતમાં વર્ષ૨૦૧૨ના સપ્ટેમ્બર માસની ૧૧મી તારીખથી ગુટખાને પ્રતિબંધિત કરવામાં આવી છે પરંતુ જે વસ્તુ પર પ્રતિબંધ મુકાય તેનું સેવન સૌથી વધુ કરવું તે કદાચ ગુજરાતની તાસીર છે અને આજ કારણે ‘ઉડતા પંજાબ’ની જેમ જો ગુજરાત પર ફિલ્મ બને તો ચોકકસ તેનું નામ હશે ‘થૂંકતા ગુજરાત’.

ફેબ્રુઆરી માસની ૪થી તારીખે સમગ્ર વિશ્વમાં ‘આંતરરાષ્ટ્રીય કેન્સર દિવસ’ની ઉજવણી કરવામાં આવી. થોડાક સમય પહેલા જ ભારતના કેન્દ્રિય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ લોકસભામાં કેટલીક આરોગ્ય વિષયક બાબતો રજુ કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે આખા ભારતમાં પ્રતિ વર્ષ આશરે ૧૦ લાખ નાગરિકો કેન્સરનો ભોગ બને છે. જે વિશ્વમાં ૭.૫ ટકાનો દર ધરાવે છે. આ દર્દીઓમાં એકલા ગુજરાતના દર્દીઓ પાંચ ટકા હોય છે. તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૧૫માં ગુજરાતમાં કેન્સરના કુલ ૫૭,૬૯૯ કેસ નોંધાયા હતા. જેમાંથી ૨૫,૩૮૭ દર્દીઓના મોત થવા પામ્યા હતા. આ જ રીતે ૨૦૧૨માં ૫૨,૯૨૦ કેસમાંથી ૨૩,૨૮૫ દર્દીઓ, ૨૦૧૩માં ૫૪,૪૬૯ કેસમાંથી ૨૩,૯૬૬ દર્દીઓ અને ૨૦૧૪માં ૫૬,૦૬૧ કેસમાંથી ૨૪,૬૬૭ દર્દીઓ મોટને ભેટયા હતા. કેન્સરથી થતા મૃત્યુમાં અમદાવાદનો મૃત્યુ દર લાખે ૨૨નો છે. જે દેશની સરેરાસ ૯ની સામે ખુબ વધુ છે. આ કારણે અમદાવાદને ઓરલ કેન્સરનું કેપિટલ પણ કહેવામાં આવે છે. ગુજરાત કેન્સર રજીસ્ટ્રીના આંકડા મુજબ પ્રતિ વર્ષ આશરે ૧૩,૫૦૦ પુરુષો અને આશરે ૧૨ હજાર મહિલાઓ કેન્સરનો ભોગ બની રહ્યા છે. જેમાં મોંઢાના કેન્સર ઉપરાંત ફેફસા, અન્નનળી, પ્રોસ્ટેટ,



સ્તન તથા અન્ય અંગના કેન્સરનો પણ સમાવેશ થાય છે. ગુજરાત કેન્સર સોસાયટીના રિસર્ચ જનરલ અનુસાર ૨૦થી ૭૪ વર્ષની વયના કેન્સરના દર્દીઓમાં ૯૩ ટકા દર્દીઓ તમાકુના ઉત્પાદનોના બંધાણી હોવાનું માલુમ પડયું છે. આ રિસર્ચ જનરલના ઈન્ટ્રોડકશન પેરેગ્રાફ મુજબ ભારતના મોંઢાના કેન્સરના નવા ૭ હજાર કેસના કારણે ‘હાઈ રિસ્ક’ દેશોમાં સમાવેશ કરાયો છે અને આ કેન્સરનું મુખ્ય કારણ તમાકુનું સેવન છે.

તમાકુનું અલગ અલગ પ્રકારે સેવન કરવામાં આવે છે. જેમાં મુખ્યત્વે ધુમ્રપાન અને મોંઢેથી ચાવીને કરવામાં આવતા પ્રકારો સર્વાધિક છે. તમાકુ ચાવવાથી માથા અને ગળાના કેન્સરમાં અમદાવાદના શહેરી તથા આંશિક શહેરી વિસ્તારોના ૩૫ થી ૪૦ વર્ષની વય જુથના દર્દીઓનો દર ૧૩ થી ૧૫ ટકાનો છે. થોડાક વર્ષ પૂર્વે નરેન્દ્ર મોદીની ગુજરાત સરકારે જયારે ‘ધુમ્રપાન મુકત ગુજરાત’નું અભિયાન છેડયું હતું ત્યારે તત્કાલીન આરોગ્ય રાજય મંત્રી જયનારાયણ વ્યાસે કબુલ કર્યું હતું કે ગુજરાતમાં ૬૦ ટકા પુરુષો અને ૮.૪ ટકા મહિલાઓ તમાકુના બંધાણી છે. જે રાષ્ટ્રીય સરેરાશ ૫૭ ટકા પુરુષો અને ૧૧.૨ ટકા મહિલાઓની સરખામણીએ ખરેખર ચિંતાજનક છે. તે વખતે મોંઢાના કેન્સરનો દર દેશમાં ગુજરાતનો ૭ ટકાનો નોંધાયો હતો. આંકડાકીય મહિતી તો હજુ જેટલી ઊંડાણપૂર્વક જોઈએ તેટલી વધુને વધુ ચોંકાવનારી જ છે. પરંતુ આ તમામનું એક તારણ એ સ્પષ્ટ બને છે કે દેશભરમાં તમાકુથી થતા કેન્સરના દર્દીઓમાં ગુજરાત અત્યંત ચિંતાજનક સ્થિતિએ છે. જો કે અહીં વધુ ચિંતાનું કારણ એ છે કે રાજયમાં મહિલાઓ અને બાળકોમાં ગુટખાનું સેવન જોખમકારક રીતે વધી રહ્યું છે. ખાસ કરીને ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારની શ્રમિક મહિલાઓમાં આ શોખ કે વ્યસન અત્યંત ચિંતાજનક રીતે વધી રહ્યું છે. જેની સીધી અસર બાળકો પર પણ પડી રહી છે. બાળકોમાં પણ ગુટખાના વ્યસનને કારણે અભ્યાસથી માંડીને તેમના આરોગ્ય પર ગંભીર અસરો વર્તાઈ રહી છે.

અત્યાર સુધી ગ્રામીણ મહિલાઓમાં છીંકણી સુંઘવી કે દાંતે ઘસવાથી માંડીને બીડી ફુંકવા જેવા વ્યસનો જોવા મળતા હતા જેનું સ્થાન હવે ગુટખાની પડીકી લઈ રહી છે. ગુટખા પર ગુજરાતમાં પ્રતિબંધ હોવા છતાં તેના ઉત્પાદકો ચાલાકી વાપરી ગુટખામાંથી માત્ર તમાકુ અલગ કરી તેની પડીકી સાથે આપે છે જેથી સાદા પાન-મસાલાની આડમાં આરામથી ગુટખા નવા સ્વરૂપે વેચાય છે. બંને પડીકી મિકસ કરીને ઓરિજિનલ ગુટખાનો આનંદ માણતા બંધાણીઓ માટે પ્રતિબંધની લેશમાત્ર અસર પડી નથી. હદ તો ત્યાં થાય છે કે આ વ્યસન એટલી હદે સામાજિક રીતે પણ સ્વીકૃત બની રહ્યું છે કે જેમાં ઘરે આવતા મહેમાનને ઓફર કરવાથી કે જમ્યા પછી ‘ગલ્લે’ લઈ જવાના શિષ્ટાચારથી માંડીને લગ્ન કે મૃત્યુ જેવા સામાજિક પ્રસંગોમાં તેની પ્લેટો સજાવી વ્યવસ્થા કરવાનું સામાન્ય બનતું જાય છે. ગુટખા ચાવવાને કારણે તેની બાય પ્રોડકટ એટલે ‘થુંકવું’ એ હવે રાષ્ટ્રીય સર્વ સામાન્ય કૃત્ય બનતું જાય છે. જયાં સુધી પારિવારિક ધોરણે બાળકોના સંસ્કારમાં આ બાબતની ગંભીરતા સાથે ઘૃણાસ્પદ કૃત્ય તરીકે સમાવેશ નહીં કરાય ત્યાં સુધી અનેક કેન્સર દિવસોની ઉજવણી વધુને વધુ ચોંકાવનારા આંકડાઓ અને તેના દર્દીઓની યાતનાઓથી જ કરવી પડશે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

# બ્રહ્માકુમારીઝના દાદી જાનકીજી આજે ગાંધીનગરની મુલાકાતે

ગાંધીનગર, તા.૫



પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સમગ્ર વિશ્વના ૧૪૭ દેશોમાં આધ્યાત્મિક ક્રાંતિ માટે કટિબદ્ધ સેવા કેન્દ્રોનું આદર્શ સંચાલન કરતાં ૧૦૧ વર્ષની ઉંમરના મુખ્ય પ્રશાસિકા વિશ્વ વંદનિય દાદી જાનકીજી આજે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પધારી રહ્યા છે. જ્યાં તેમનું વિશેષ વ્યક્તિઓ દ્વારા સ્વાગત બહુમાન કરવામાં આવશે. દાદીજી ગાંધીનગરના બ્રહ્માકુમારીઝના રાજયોગી ભાઈ બહેનોને અધ્યાત્મિક દ્દષ્ટિ, વરદાની વાણી તથા રાજયોગની તપસ્યા દ્વારા વિશ્વ શાંતિ માટે વિશેષ પ્રેરણા પુરી પાડશે.

# રાંધેજાનો યુવાન ભેદી રીતે ચાર દિવસથી લાપતા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામમાં વણકરવાસમાં રહેતો ૨૬ વર્ષીય યુવાન ભાવેશ નટવરભાઈ પરમાર સે-૨૫ ખાતે આવેલી જીઆઈડીસીમાં નોકરી કરે છે. ચાર દિવસ પહેલા ૧લી ફેબ્રુઆરીએ બપોરે અઢી વાગ્યે ભાવેશ પરમાર પોતાના ઘરેથી નોકરી કરવા જવાનું કહીને નીકળ્યો હતો આજ દિન સુધી તે ઘરે પરત ફર્યો નથી કે તેના કોઈ સગડ પણ મળ્યા નથી. મિત્રો અને સંબંધીઓને ત્યાં તપાસ કરવા છતાં કયાંયથી પત્તો ન મળતાં આખરે લાપતા યુવાનના પિતાએ પેથાપુર પોલીસને દિકરીના ગુમ થયા અંગેની જાણવા જોગ આપી છે. પેથાપુર પોલીસે લાપતા થયેલા યુવાનની શોધખોળ શરુ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. ગણાત્રા ગિરીશભાઈ મગનભાઈ, ઉ.વ.૭૭
- સ્વ. સોની રમીલાબેન સોમચંદ સોની, ઉ.વ.૭૨
- સ્વ. મયા નિકુલસિંહ ભરતસિંહ, ઉ.વ.૨૬
- સ્વ. રબારી લીલાભાઈ રાયમલભાઈ, ઉ.વ.૬૮
- સ્વ. પરમાર ધનજીભાઈ સોમાભાઈ, ઉ.વ.૫૪
- સ્વ. રબારી વરવાભાઈ અરજણભાઈ, ઉ.વ.૬૫
- સ્વ. પરમાર મનોજકુમાર ડાહ્યાભાઈ, ઉ.વ.૪૨
- સ્વ. અમીન હિરાબેન ત્રિભોવનદાસ, ઉ.વ.૯૦
- સ્વ. રાવળ બબીબેન મોહનભાઈ, ઉ.વ.૭૦